૭૦૧ / ૧,૬૫૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૧૭ જુલાઈ, ૨૦૦૫ **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર. ૧ (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. ઈન્દ્રિયો અંતઃકરણને ઉપદેશ અને ભગવાનને પ્રાર્થના
૨. સાત માળની હવેલીનું દૃષ્ટાંત અને સિદ્ધાંત
૩. અનુતાપ-પરિતાપ
૪. સ્નેહ એટલે ભગવાનની અખંડ સ્મૃતિ
૫. કુશાગ્રબુદ્ધિ

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. આત્મનિષ્ઠા તો હોય ..... ભક્ત નથી પામતો.
૨. સત્સંગ થયા મોર ..... ભૂંડું થાય.
૩. જેને સત્સંગ થયો ..... કરીને રહે છે.
૪. ભગવાન તે જીવોના ..... નિવૃત્તિ થઈ કહેવાય.
૫. ભગવાન જીવના ..... એવી રીતે વાર્તા કરવી.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. સંતમહિમા
૨. નિશ્ચય

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર. ૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** ૫

૧. મુક્તાનંદ સ્વામીની અંતર્વૃત્તિ કેવી હતી ?





૨. બાવના ચંદનની પેઠે મનુષ્યદેહ કોના અર્થે બાળીએ છીએ ?
૩. માયાના પેચમાં ક્યારે ન અવાય ?
૪. ખરેખરા સત્સંગી કેમ થવાય ?
૫. સત્સંગ થયો ક્યારે જાણવો ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. ગારુડીને ઠેકાણે સ્વામીએ ................ ને બતાવ્યા છે. (શ્રીકૃષ્ણ, મહારાજ, દત્તાત્રેય)
૨. આવા સાધુને ......................... જાણીને મન, કર્મ, વચને સંગ કરે તે બ્રહ્મરૂપ થાય. (પરમ એકાંતિક, બ્રહ્મરૂપ, નિર્દોષ)
૩. આ સત્સંગ તો મહારાજનું ......................... છે. (સર્વસ્વ, શરીર, સ્વરૂપ)
૪. જીવ ......................... પણે વર્તે તો બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ. (સરળ, નિર્દંભી, નિષ્કપટ)
૫. ......................... બહુ જ કઠણ છે. (ધ્યાન કરવું, મોટા સંતનો અભિપ્રાય સમજવો, મન જીતવું)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. ચાર વાત જીવનું જીવન
૨. સ્વમુખે મહિમા
૩. મનુષ્યભાવ - દિવ્યભાવ

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે)**

**પ્ર. ૩ (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજી મહારાજનો દેહનો અનાદર
૨. ભગતજી મહારાજના સંતો
૩. ભગતજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનો પરસ્પર સ્નેહસંબંધ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. ભગતજી મહારાજનું ઐશ્વર્ય દર્શન
૨. પેટલાદમાં ભગતજી મહારાજનો જ્ઞાનોપદેશ
૩. સાધુતાનો કસબ
૪. ભગતજીએ સહેલાં અપમાનો